## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*દર વર્ષે આવે બજેટ ને વેરાનો બોજો પડે છે,*
*ખોરવાય છે જિંદગી ને ચિંતાનો સોજો ચડે છે!*
*રોજો પડે છે ગરીબોના ઉદરમાં રોજ ભૂખનો -*
*આવતો નથી ને જાય છે કયાં ? રૂપિયો ઓંજો પડે છે...*
*(નાહ્યા પછી નચોવાની જરૂર નથી એને બજેટથી લાગે કે વળગે ?!)*

### હાઈકુ

*જે મળે તેમાં -,*
*ગબડાવી લ્યો ગાડું -*
*લુખ્ખું કે સૂકું !!*
*(કાલ્પનિક થાળી)*

*ભૂખ માંડવે -*
*પૂરાય છે સાથિયા -*
*ને વાગ્યા ઢોલ!*
*(બજેટનાં બંધાયાં તોરણ)*

### ચિંતન

**દાતા નદી હૈ એક સમ, સબ કોઈ કો દેત,**
**હાથ-કુંભ જિસકા જિસા, તૈસો હી ભર લેત.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

દાતા એટલે કે દેનાર તરીકે નદી અને કુદરત બંને એક સરખા છે. નદી વહેતી વહેતી જાણે કહેતી હોય છે કે આવો અને મારું આ જળ પી શઆંતિ પામો. આને આપું અને આને ન આપું તેવો વિચાર કરતી જ નથી. માણસ પોતાનો ખોબો, કે ઘડો કે બીજું જે કંઈ પાત્ર તેની પાસે હોય તે પ્રમાણે પાણી લઈ શકે છે. પણ તે માટે તેને નીચા તો નમવું પડે છે. કોઈ ઓછું લઈ શકે તો કોઈ વધારે. 'અહં પદ' વાળો માણસ નીચો નમીને પાણી ન ભરે તો તે તરસ્યો જ રહે છે. આમાં આપનારનો નહીં, લેનારનો દોષ છે. તેવી જ રીતે કબીર કહે છે કે વિશ્વ તો સુખથી ભરપૂર જ છે જેટલી તમારી શક્તિ એટલું તમારું. તમારા ઘડારૂપી હૃદયને જેટલું વિશાળ બનાવશો એટલું વધારે સુખ તેમાં ઝીલી શકશો.

### સુવિચાર

- પાગલ હો જાને કા ભી ફાયદા હે સાહબ, લોગ પત્થર તો ઉઠાતે હૈં મગર ઉંગલી નહીં - **ઓશો**
- અશક્યનો અર્થ એ નથી કે એ શક્ય નથી, પણ તેનો ખરેખર અર્થ એ છે કે... અત્યાર સુધી એવું કોઈએ કર્યું નથી અને આપણે... એ મર્યાદાઓ તોડવા જ જન્મ લીધો છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સમય મને રોજ કોરો ચેક આપે છે...!! હું જ રકમ ઓછી ભરું છું - **રત્નસાગર સૂરીશ્વરીજી**
- છેલ્લી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ જયાં સુધી સ્પર્ધામાં ભાગ ન લે ત્યાં સુધી જ પહેલી પાટલીએ બેઠેલા વિદ્યાર્થીઓ બુદ્ધિશાળી હોય છે - **ડો. કલામ**
- કહેવાથી હળવું થાય, પણ સહેવાથી ઓગળી જાય તેનું નામ 'દુઃખ' - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે આપણી જાતને દુઃખી કરીએ કે મજબૂત કરીએ બેવ વખતે મહેનત તો સરખી જ લાગે છે - **સંદિપ મહેશ્વરી**
- આજનું ઔષધ : જલદાલુ ૨ નંગ સવાર-સાંજ ચાવીને ખાવાથી તેની ઉપર દૂધ પીવાથી શરીરનું વજન વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તર્કને વાસ્તવિકતા સાથે જોડવાથી કલ્પનાઓની પોકળતા સમજી શકાય. એક નાસ્તિક હતો. તે એક પાદરી પાસે ગયો. તેણે પાદરીને પૂછ્યું. 'જો હું ખજૂર ખાઉં તો શું મને પાપ લાગશે ?' પાદરી એ કહ્યું, 'એનાથી પણ કોઈ ફરક નહીં પડે.' નાસ્તિકે ફરી પૂછ્યું. 'આ ખજૂર અને પાણીમાં હું થોડો આથો આવવા દઉં તો કોઈ ધાર્મિક અવજ્ઞા થશે ?' હવે પાદરી નાસ્તિકના પ્રશ્નો પૂછવા પાછળનો હેતુ સમજાઈ ગયો. તેમ છતાં પાદરીએ શાંતિથી કહ્યું, 'ના બિલકુલ નહીં.' હવે નાસ્તિકે તર્ક આગળ વધારતા કહ્યું, 'તો પછી, ધાર્મિક ગ્રંથોમાં શરાબ પીવો પાપ કેમ ગણાવાયું છે ?' પાદરીએ નાસ્તિકને પૂછ્યું, 'સારું એક વાત કહો જો હું એક મુઠ્ઠીભર ધૂળ લઈ તમારા પર ફેંકુ તો તમને ઈજા થશે ?' નાસ્તિકે કહ્યું, 'ના', પાદરીએ કહ્યું, 'જો એ ધૂળમાં થોડું પાણી ઉમેરી તારા પર ફેંકુ તો કંઈ ફરક પડશે ?' નાસ્તિકે ના પાડી. પાદરી એ આગળ કહ્યું, 'અને હવે જો હું એ માટી અને પાણીમાં થોડા પથ્થર નાખીને તારા પર ફેંકુ તો શું થશે ?' નાસ્તિકે કહ્યું, 'તો તો જરૂરથી મારું માથું ફુટી જ જાય.' હવે પાદરીએ કહ્યું, 'મને વિશ્વાસ છે કે તમને તમારા સવાલોનો સવાલ મળી ગયો હશે.' નાસ્તિક પાદરીને વંદન કરી રજા લીધી.

# વડાપ્રધાનનો પુણ્યપ્રકોપ પ્રશંસાપાત્ર છે

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાચી ઓળખ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શિસ્તબદ્ધ કાર્યકર તરીકેની છે. એ સંસ્કારો સત્તા મળ્યા છતાં એમની જીવનશૈલીનો ભાગ બની ગયેલ હોયઈ પૂરેપૂરા સચવાયા છે. એથી જ એમણે પાર્ટીના રાષ્ટ્રીય મહામંત્રી અને પશ્ચિમ બંગાળના પ્રભારી તરીકે નેત્રદીપક કામગીરી કરનારા સિનિયર સાથી કૈલાસ વિજયવર્ગીયના પુત્ર અને મધ્યપ્રદેશની વાણિજ્ય નગરી - અહલ્યાનગરી ઈંદોરના ધારાસભ્ય સામે એમની ગેરવર્તણૂક બદલ સખત પગલાં લેવાનો આદેશ કર્યો છે. અન્ય કોઈ નેતા પોતાના સિનિયર સાથીના પુત્રને પાર્ટીમાંથી કાઢી મૂકવા સુધીનાં કડક પગલાં ભાગ્યે જ લઈ શક્યો હોત. મોદી હવે પાર્ટીમાં પેસી ગયેલા સડા પ્રત્યે ચોકન્ના બની ગયા છે. એમના વડાપ્રધાન તરીકેના પ્રથમ કાર્યકાળ દરમિયાન ગૌરક્ષકોના નામે કેટલાંક ગુંડાતત્ત્વો જે રીતે મુસ્લિમોને પરેશાન કરતાં હતાં એમની સામે લાલ આંખ કરી જ હતી. પરંતુ એ કોઈ પાર્ટીના કાર્યકર્તાઓ કરતાં સવિશેષ હિંદુત્વનો ઝંડો લઈને ફરનારા લોકો હતા. ઉત્તરપ્રદેશમં તો કેટલાક ધારાસભ્યો અને સાંસદો સુધ્ધાં બંધારણીય ન ગણાય એવી ભાષામાં એલફેલ બોલી લઘુમતી સમાજને અપમાનિત કરતાં રહ્યાં છે. બિહારના બેગુસરાઈ સંસદીય વિસ્તારના લોકસભાના સભ્ય અને કેન્દ્રીય મંત્રીએ મુસ્લમો સાથે ભાઈચારા દર્શાવતા કાર્યક્રમમાં મુખ્યમંત્રી સલહિતના નેતાઓની ટીખળ કરી હતી. એમાં ભાજપના વરિષ્ઠ નેતા અને બિહારના ઉપમુખ્યમંત્રી સુશીલકુમાર મોદી પણ હાજર હતા. મોદીએ એમના મંત્રીને ભાષાવિવેક રાખવાની ટકોર પાર્ટી અધ્યક્ષ અમિત શાહ દ્વારા કરાવી હતી. વિજય વર્ગીયનો કિસ્સો તો ભાજપને ગુંડાપાર્ટી તરીકે ચીતરે એ બરનો હતો. મ્યુનિસિપિલ ઓફિસરને રીતસર ગાળાગાળી કરીને તથા બૅટથી ફટકારીને ડિમોલિશન કાર્યવાહી કરતાં અટકાવીને ધારાસભ્ય આકાશ વિજયવર્ગીય રીતસરના 'હીરો' બની ગયા હતા. મધ્યપ્રદેશમાં ભાજપનું શાસન હોત તો કદાચ પોલીસ એમની ધરપકડ પણ ન કરી શકી હોત. અદાલતે દૃઢ વલણ અપનાવી ફરજ પરના અધિકારીને ફરજ બજાવતો રોકવાનો અને માર મારવાનો ગુનો ગંભીર ગણી એમને કસ્ટડીમાં લીધા - પરંતુ આખરે આવાં રસૂખદાર તત્ત્વોને જામીન તો મળી જ જતા હોય છે. જામીન પર છૂટેલા નેતાનું એના પિતા કૈલાસ વિજયવર્ગીય સહિત ભાજપના કાર્યકરોએ મોટો વિજય મેળવીને આવ્યા હોય એવું ભવ્ય સ્વાગત કર્યું. મોદીને આ બાબત ઘણી ખૂંચી અને ધારાસભ્ય આકાશ વિજયવર્ગીયે રોફ મારીને કરેલ ઉદંડ નિવેદનોની ગંભીર નોંધ લીધી. 'આવેદન, નિવેદન અને એથી કામ ના પતે તો ધનાધન' જેવા બેફામ શબ્દો કોઈ પણ લોકસેવકના મુખે લોકશાહીમાં શોભે નહીં. જામીન પર છૂટ્યા પછી પણ એમની અકકડાશ અકબંધ હતી. 'ઈશ્વર મને ફરી વાર બેટિંગ કરવાની તક ન આપે.' - એમ કહી એમણે ફરજ પરના અધિકારીની માફી માગવા કે દિલગીરી દર્શાવવાને બદલે પોતે જે કર્યું તે યોગ્ય જ હતું એવો સૂર કાઢ્યો હતો. મોદીએ એમને દરવાજો બતાવી દઈ - ભલે મારો એક ધારાસભ્ય ઓછો થાય - એવું દૃઢ વલણ દર્શાવી દાખલો બેસાડ્યો છે. 'પાર્ટી વિથ ડિફરંસ'ની પ્રતિષ્ઠા છેક તળિયે બેસી ગઈ હોય ત્યારે મોદી જ એને ઉગારી શકે.

# મેઘમાં ને માઘમાં આયખું ખૂટ્યું !



**અમર વારસો**

ડો. રશ્મિકાન્ત મહેતા

મેઘે માઘે ગયં વયઃ ॥ સંસ્કૃતમાં આ જાણીતી ઉક્તિ છે. 'મેઘમાં અને માઘમાં ઉંમર પસાર થઈ ગઈ.'

(૧) મેઘ - કાલિદાસે રચેલું ખંડકાવ્ય (ઈ.પૂ. ૫૬) 'મેઘદૂત'

(૨) માઘ - માઘે રચેલું મહાકાવ્ય (ઈ.સ. ૭૫૦) 'શિશુપાલ વધ'

સમગ્ર સંસ્કૃત કાવ્યોમાંથી આ કહેવત બે સાહિત્ય કૃતિઓને ઉત્તમ તરીકે જુદી તારવી છે. આ બંને કાવ્યો એટલાં બધાં સરસ છે, કે એનો આસ્વાસ લેવામાં જિંદગી પસાર થઈ જાય છે.

આ બંનેમાં પણ શ્રેષ્ઠતાનાં ક્રમમાં મેઘદૂત પ્રથમ છે.



અષાઢ મહિનાનો પ્રથમ દિવસ હોય, એટલે મેઘદૂતનું સ્મરણ થાય.

આવો જ કોઈ અષાઢનો પ્રથમ દિવસ હતો. રામગિરિની ટેકરી ઉપર યક્ષ ઊભો હતો. પોતાની બેદરકારીને કારણે અલકાનગરીના રાજા કુબેરનો શાપ પામ્યો અને પત્નીથી વિખૂટો પડીને એક વર્ષ માટે રામગિરિ ઉપર આવ્યો હતો. હવે ચાર મહિના બાકી હતા. એણે પર્વતના શિખર સાથે વળંબીને પડેલા મેઘને જોયો. એની વિરહઅવસ્થા પ્રબળ બની. 'મેઘ અચેતન છે.' એ ભૂલી ગયો, એણે મેઘ સાથે યક્ષિણીને સંદેશો મોકલવાનું નક્કી કર્યું. શરુઆતમાં રામગિરિથી અલકા સુધીનો માર્ગ કહ્યો. પછી એણે પત્નીને આપવાનો સંદેશો કહ્યો. અંતે શુભેચ્છા આપી કે 'તારો વીજળી સાથે વિયોગ ન થાય.' આ રીતે એણે મેઘને દૂત બનાવ્યો.

મેઘદૂત ઊર્મિકાવ્ય છે. એમાં ૧૨૦ શ્લોક છે. એનાં બે વિભાગો છે (૧) પૂર્વમેઘ - આમાં મેઘનો રામગિરિથી અલકા સુધીનો માર્ગ છે. (૨) ઉત્તરમેઘ - આમાં યક્ષિણી માટેનો સંદેશ છે. આ કાવ્યમાં છંદ મંદાક્રાન્તા છે.

વિરહની કોમળ સંવેદનાને એકદમ અનુકૂળ છે.

આ કથાવસ્તુ માટેનું પ્રેરણાસ્થાન કદાચ વાલ્મિકીનું રામાયણ છે. શ્રીરામ હનુમાન સાથે સીતાને સંદેશો મોકલે છે. ખરેખર તો કવિનો સ્વાનુભાવ જ અંતઃપ્રેરણા હોઈ શકે. સ્વાનુભવની સચ્ચાઈ હોય, તો કાવ્ય ઉત્તમ બને. મોહન રાકેશનું હિન્દીમાં ત્રિખંડી નાટક છે. આષાઢ કા એક દિન (ઈ.સ. ૧૯૫૮). આમાં કાલિદાસ અને મલિક્કાની કથા છે.

મેઘદૂતને જે પ્રસિદ્ધિ મળી છે. એને એ લાયક છે. એને અનુસરીને ૫૦ થી વધુ સંદેશા કાવ્યો રચાયાં છે. પરંતુ કોઈ એની બરોબરી કરી શકયું નથી. ઈ.સ. ૧૮૨૮માં ચિત્રકાર, રવિવર્માએ ચિત્ર બનાવ્યું હતું. 'યક્ષ સંદેશ આપી રહ્યો છે.' આને આધારે ભારત સંચારના ટપાલ વિભાગ સ્ટેમ્પ બનાવી. ૨૨ જૂન ૧૯૬૦ના દિવસે એનું લોકાર્પણ કર્યું. તે દિવસ પણ અષાઢનો પહેલો દિવસ હતો. ઈ.સ. ૧૮૧૩માં હેનરી વિલ્સને મેઘદૂતનો અંગ્રેજીમાં પદ્યઅનુવાદ કર્યો હતો. આ વાંચીને જર્મન કવિ ગ્યૂઈથે પ્રસન્ન થયા અને એણે પ્રશસ્તિકાવ્ય રચ્યું. જર્મન કવિ શીલર ઉપર આ કાવ્યનો પ્રભાવ હતો. એમણે 'મારિયા સ્ટુઅર્ટ'ની રચના કરી મારિયા કેદગસ્ત છે. એને વધદંડ થયો છે. એ પોતાના પ્રિયજનને વાદળ સાથે સ્કોટલેન્ડ સંદેશો મોકલે છે. ગુજરાતીમાં મેઘદૂતના ૪૦ પદ્યઅનુવાદો થયા છે. એમાં સૌથી પ્રાચીન ૧૯૧૩માં થયો છે. એ અમદાવાદના કિલાભઆઈ ઘનશ્યામ ભાઈનો છે.

મેઘદૂતની વાત તો જાણે આપણા સૌની વાત છે.

# કાળો ડુંગર કયા જિલ્લામાં આવેલ છે?

**ખજાનો**



અનિલ પટેલ

## ગુજરાતની ભૂગોળ

૧ નવધણ કુવો કયાં આવેલો છે ?
(અ) ડભોઈ (બ) પાટણ
(ક) સિદ્ધપુર (ડ) જૂનાગઢ

૨ નીચેનામાંથી કઈ નદી સુરેન્દ્રનગર જિલ્લાની નથી ?
(અ) ભોગાવો (બ) અંબિકા
(ક) સુખભાદર (ડ) ઉમઈ

૩ ગોપી તળાવ કયાં આવેલું છે ?
(અ) બેટ દ્વારકા (બ) ડાકોર
(ક) વડનગર (ડ) વિરમગામ

૪ ખ્રિસ્તી તીર્થધામ નિષ્કલંક માતાનું ધામ કયાં આવેલું છે ?
(અ) પેટલાદમાં (બ) ઉદવાડા
(ક) વડોદરામાં (ડ) ડભોઈ

૫ રોઝી બેટ કયા જિલ્લા પાસે આવેલ છે ?
(અ) પોરબંદર (બ) અમરેલી
(ક) જૂનાગઢ (ડ) જામનગર

૬ બનાસકાંઠાનું કાંકરેજ શા માટે જાણીતું છે ?
(અ) ગાયો (બ) ભેંસો
(ક) ગધેડા (ડ) ઊંટ

૭ કયા જિલ્લાની સરહદ મધ્યપ્રદેશ અને રાજસ્થાનના રાજયો સાથે જોડાયેલી છે ?
(અ) બનાસકાંઠા (બ) સાબરકાંઠા
(ક) દાહોદ (પંચમહાલ) (ડ) છોટા ઉદેપુર

૮ ગંગા સરોવર કયાં આવેલું છે ?
(અ) બાલારામ (બ) વડનગર
(ક) સિદ્ધપુર (ડ) પાટણ

૯ કાળો ડુંગર કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) જૂનાગઢ (બ) કચ્છ
(ક) સાબરકાંઠા (ડ) પંચમહાલ

૧૦ ખારાઘોડા કયા ઉદ્યોગ માટે જાણીતું છે ?
(અ) સિરામીક (બ) કાપડ
(ક) જરીકામ (ડ) મીઠા ઉદ્યોગ

૧૧ નારેશ્વર - રંગ અવધૂત આશ્રમ કયા જિલ્લામાં આવેલ છે ?
(અ) ભરૂચ (બ) છોટા ઉદેપુર
(ક) વડોદરા (ડ) પંચમહાલ

૧૨ મિતિયાળા અને લોંગરી ડુંગરો સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં છે?
(અ) ભાવનગર (બ) ગીર સોમનાથ
(ક) પોરબંદર (ડ) રાજકોટ

૧૩ નાગલી અને વરીના પાક કયા જિલ્લામાં લેવાય છે ?
(અ) વલસાડ (બ) વડોદરા
(ક) ડાંગ (ડ) પંચમહાલ

૧૪ કયું સ્થળ પુસ્તકોની નગરી કહેવાય છે ?
(અ) સુરત (બ) વલસાડ
(ક) નવસારી (ડ) ભરૂચ

૧૫ ગુજરાતમાં સૌ પ્રથમ ૧૯૭૩માં કયા સ્થળે કૃષિ યુનિવર્સિટી સ્થાપવામાં આવી હતી ?
(અ) રાજકોટ (બ) દાંતીવાડા
(ક) આણંદ (ડ) સુરત

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૫ જુલાઈ :**
  - ઈંગ્લેન્ડના વતની અને સિંગાપોરના આધ્યસ્થાપક ટોમસ સ્ટેમ્ફર્ડ જન્મ દિવસ (૧૭૯૧)
  - આઝાદ હિન્દ ફોઝની સ્થાપના થઈ (૧૯૪૩)
  - આંધ્રપ્રદેશ હાઈકોર્ટની સ્થાપના થઈ (૧૯૫૪)
  - પ્રથમ કલોન ઘેટું ડોલીનો જન્મ (૧૯૯૬)
- **૬ જુલાઈ :**
  - અંગ્રેજી ભાષાના મહાન સાહિત્યકાર વિલિયમ ફોકનરનું નિધન (૧૯૬૨)
  - ગુજરાતી પ્રયોગશીલ ગઝલ કવિતાના સર્જક મનોજ ખંરેડિયાનો જન્મ દિવસ (૧૯૪૩)
  - બાળ સાહિત્યના ક્ષેત્રમાં આગવું પ્રધાન કરનાર જીવનરામ જોષીનો જન્મદિવસ (૧૯૦૫)
  - જનસંઘની સ્થાપના કરનાર શ્યામાપ્રસાદ મુખરજીનો જન્મદિવસ (૧૯૦૧)
- **૭ જુલાઈ :**
  - રેડિયમના શોધક મેડમ ક્યુરીનું નિધન (૧૯૩૪)
  - લંડનમાં જન્મલા અંગ્રેજ છતાં ગુજરાતી સાહિત્યમાં પ્રધાન કરનાર એલેકઝાન્ડર કિન્લૉક ફાર્બસનો જન્મદિવસ (૧૮૨૧)
  - મુંબઈમાં પ્રથમ સિનેમેટોગ્રાફિક ફિલ્મની રજૂઆત થઈ (૧૮૯૬)
  - ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીનો જન્મદિવસ (૧૯૮૧)
- **૮ જુલાઈ :**
  - બ્રિટીશ કવિ પર્સી શેલેનું નિધન (૧૮૨૨)
  - વાસ્કો ડી ગામા ભારતની શોધ માટે નીકળ્યો (૧૪૯૭)
  - દુનિયાની સૌથી લાંબી ભાખરા નાંગલ નહેર સ્વ. નહેરુના હસ્તે ખુલ્લી મુકાઈ (૧૯૫૪)
  - ક્રિકેટર સૌરવ ગાંગુલીનો જન્મદિવસ (૧૯૭૨)
- **૯ જુલાઈ :**
  - ફિલ્મ નિર્માતા ગુરુદત્ત પદુકોણનો જન્મદિવસ (૧૯૨૫)
  - દમદાર અભિનેતા સંજીવકુમાર ઉર્ફે હરિહર જરીવાલાનો જન્મદિવસ (૧૯૩૮)
  - મુંબઈમાં બોમ્બે સ્ટોક એક્સેચેન્જની સ્થાપના થઈ (૧૮૭૫)
  - પ્રથમ પંચવર્ષીય યોજના પંડિત નહેરુના હસ્તે શરૂ કરાઈ (૧૯૫૧)
- **૧૦ જુલાઈ :**
  - જાણીતા અર્થશાસ્ત્રી લોર્ડ મેઘનાદ દેસાઈનો જન્મદિવસ (૧૯૪૦)
  - ભારતીય સૈનિકોએ બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપની વિરુદ્ધ વેલ્લોરમાં પ્રથમ વિદ્રોહ કર્યો (૧૮૦૬)
  - જાણીતા ક્રિકેટર સુનિલ ગાવસ્કરનો જન્મદિવસ (૧૯૪૯)
  - મહંમદ અલી ઝીણા પાકિસ્તાનના પ્રથમ ગર્વનર જનરલ બન્યા (૧૯૪૭)
- **૧૧ જુલાઈ :**
  - સાહિત્યકાર બહેરામજી મલબારીનો જન્મદિવસ (૧૮૧૩)
  - મુંબઈ ટ્રેન બ્લાસ્ટની ઘટના બની (૨૦૦૬)
  - અમેરિકાનું અંતરીક્ષમાં મોકલેલ 'સ્કાયલૅબ' ભારતના દરિયામાં ખાબકી (૧૯૭૯)
  - વિશ્વ વસ્તી દિવસ

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ચંદ્રાબાબુ નાયડુની પાર્ટીનું નામ શું છે આ પાર્ટીની સ્થાપના કોણે કરી હતી ?**
**જવાબ : તેલુગુ દેશમ, સ્થાપક : એન.ટી.રામારાવ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪
(૩) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૭) મહેશ એમ. જાદવ : રાયસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતની અવકાશક્ષેત્રે કામ કરતી સંસ્થા ઈસરોની સ્થાપના કયારે થઈ ? અને કોણે કરી હતી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'સેલ'નો ખેલ

**હળવે હૈયે**



પ્રકાશ લાલા

'આવી... આવી...'

છાપું વાંચી રહેલાં શ્રીમતીજીનાં શ્રી મુખેથી ખુશી ભર્યા આ ઉદ્ગારો સાંભળી અમને નવાઈ લાગી. અમે ડાબી-જમણી, આગળ-પાછળ જોયું કે એમને અચાનક આનંદિત કરી દેનારું કોણ આવી ચઢ્યું છે ! પણ પછી ખબર પડી કે એ તો ન્યૂઝ પેપરમાં 'સાડીના સેલ'ની જાહેરાત જોઈ ઉત્સાહથી 'આવી.... આવી...' બોલી ઊઠ્યાં હતા... કેમ કે છેલ્લા અઠવાડિયાથી એ 'સેલ' આવવાની અધીરાઈથી રાહ જોતાં હતા...

આમેય મોટાભાગની બહેનોને ગમતી સીઝન છે 'સેલની સીઝન...' એમાં કશું ખોટુંય નથી, કેમ કે 'મફત' અને 'સસ્તુ' 'ડીસ્કાઉન્ટેડ' મેળવવાનો માણસ માત્રનો સ્વભાવ રહ્યો છે. હા, બહેનોને આ 'સેલ' ની માયાજાળ વધુ આકર્ષે છે એ જુદી વાત છે!!





માણસ જાતની - મહિલાઓની આ નબળાઈને પકડીને વેપારીઓ 'સેલ' નો ખેલ પાડી, જબરો ધંધો કરી નાખતા રહ્યા છે. ચોમાસું આવે એટલે જન્માષ્ટમી, રક્ષાબંધન વગેરે તહેવારો આવે. 'રક્ષાબંધને' બહેન વીરાને રાખડી બાંધે ને બદલામાં વીરો બહેનડીને કંઈક ભેટ આપે... 'રક્ષાબંધન'નાં આ 'ઈમોશન્સ' ને 'એન્કેશ' કરવાની આવડત ધરાવતા વેપારીઓ આ નિમિત્તે લાગણીભરી જાહેરાતો ને એમાં 'સસ્તા' ની લાલચ બતાવી 'સેલ' કરતા આવ્યા છે. અગાઉ તો ફક્ત સાડીઓનાં જ 'સેલ'થી શરૂ થયેલો આ ખેલ હવે તો સોના-ચાંદીનાં દાગીના, ડાયમન્ડ જવેલરીઝનાં 'સેળની સીઝન'સુધી ફાલેલો જોવા મળે છે.

આ વેપારીઓ કંઈ આપણા કાકા-મામા, ભાઈ-ભત્રીજા-ભાણિયા નથી થતા કે તમને સસ્તામાં - ખોટ ખાઈને સાડી વેચે...' એવી આપણી દલીલને આડે દાહડે માન્ય રાખતો મહિલા વર્ગ 'સેલ'ની જાહેરાત જોતાં જ બધું ભૂલી જાય છે... ને 'મારા માટે' નથી લેવી પણ બળેવના દા'ડે (તમારી) બહેનને આપવા તો લેવી પડશે ને...' કહી આપણને 'સેલ'ની સફરે લઈ જાય ને પછી બહેન સાથે પોતાના માટે ય 'આટલી સસ્તી નહીં મળે' કહી ખરીદી લે છે... (એ પણ કોઈની 'બહેન' તો નહીં જ ને !!)

જો સાડીનાં 'સેલ'માં જવાની ના પાડીએ તો કહેશે 'મારે કયાં કઈ લેવી છે ? પણ જોવા જવામાં શું જાય છે ! જોઈએ તો ખરાં કે કેવું મટિરિયલ છે, કેવા ભાવ છે...' જેવી દલીલો થાય છે ને 'તમારે ના આવવું હોય તો કંઈ નહીં, હું જઈ આવીશ... કહીને ઉપડશે જ...' પછી આવીને 'અરે, શું મસ્ત કલર કોમ્બિનેશન છે... વાહ, આ ડિઝાઈન ને પોત જોવા ના મળે, હોં... આ ભાવમાં તો ચોખ્ખો ફાયદો જ છે... એટલે ખરીદી લીધી...' કહી આપણને કંઈ બોલવાનો અવકાશ જ નથી રહેવા દેતાં...

'સેલ' સંદર્ભેની એક રમૂજ જાણીતી છે..

પતિ : આટલા બધા સાબુ કેમ લઈ આવી ?

પત્ની : અરે, આ બધા સાબુ તો તદ્દન મફતમાં મળ્યા છે...

પતિ : હેં ? મફતમાં ?

પત્ની : હા, એક બનારસી સાડીની ખરીદી ઉપર ફ્રીમાં હતા...

હમણાં 'સેલ' વિશે 'વોટ્સએપ' પર ફરતી રમૂજ.

'ફિઝિક્સના સર કહે છે 'સેલ' એટલે બેટરી. બાયોલોજીના સર કહે છે 'સેલ' એટલે 'કોષ'. ઈકોનોમિક્સના સર કહે છે 'સેલ' એટલે 'વેચાણ...' બહુ કન્ફ્યુઝિંગ હતું... પણ પરણ્યા પછી વાઈફે સમજાવ્યું કે 'સેલ' એટલે ડીસકાઉન્ટ...'

આડે દાડે દુકાનોની આગળ, બહાર વસ્તુઓ ખડકી દેતા વેપારીઓને ગાળો દેનારી બહેનો, 'સેલ' માટે બહાર મંડળો બાંધી દબાણ કરતા વેપારીઓને જોઈ રાજી રહે છે એય ગજબની વાત છે.

'સેલ' નું, 'સસ્તા' આકર્ષણ કેવળ સામાન્ય કે મધ્યમ વર્ગીય બહેનોને હોય છે એવું રખે માની લેતા... સારા સ્ટોર્સવાળા હવે 'સેલ' નો પહેલો દિવસ 'વીઆઈપી સેલ' તરીકે રાખે છે ને ખાસ ટપાલ લખીને કે મોબાઈલ મેસેજ મોકલીને 'વીઆઈપી સેલ' માં પધારવા નિમંત્રે છે...

આ જ બતાવે છે કે આ વીઆઈપી - સંપન્ન વર્ગની, પૈસાદાર ઘરોની મહિલાઓ પણ 'સેલ' નો લાભ લેવાનું ચૂકતી નથી...

'સેલ' ને 'બાય વન ગેટ વન ફ્રી' અથવા તો 'જૂનું આપી, નવું મેળવો' ની સ્કીમ્સ પહેલાં આ મૌસમમાં ખીલતી હતી... જો કે હવે તો ઘણી દુકાનો પર બારે માસ 'સેલ ચાલુ છે'નાં પાટિયાં ઝૂલતાં જોવા મળે છે, અથવા તો દર બે-ત્રણ મહિને, 'સ્પેશિયલ સેલ'ના મેસેજીસ આવ્યા કરે છે, કેમ કે એમને ખબર છે કે લોકોની 'સસ્તા' માટેની મેન્ટાલિટી બારે માસ 'ઓન' જ હોય છે !!

આ 'સેલ'ની સીઝનમાં બહેનોને 'સારું, સસ્તુ ને ટકાઉ' ફાયદાકારક મળી રહે તે માટે અને ભાઈઓને એમના ખિસ્સા પર પાકિટ પર, ક્રેડીટ કાર્ડ પર વધુ જોખમ ના આવે તે માટે 'ઓલ ધી બેસ્ટ'!!